# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2024** **Midday : 1.20 to 1.30**

**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

**************************************************

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કાનો પ્રચાર પડઘમ આજે સાંજે સમાપ્ત થશે, વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા કરી રહ્યા છે અંતિમ પ્રયાસો..
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજ સાંજથી ત્રણ દિવસના કન્યાકુમારી પ્રવાસે....
- ✓ દક્ષિણ પશ્ચિમ ચોમાસું આજે કેરળ પહોંચે તેવી શક્યતા, કેરળના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે અલર્ટ, તો ઉત્તર અને મધ્યભારતમાં ગરમીથી રાહત....
- ✓ જમ્મૂ કાશ્મીરમાં રેકોર્ડ બ્રેક 44.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું... બપોરના સમયે ભારવાહક પ્રાણીઓના ઉપયોગ પર બે મહિના સુધી પ્રતિબંધ.
- ✓ ઇઝરાયેલના સુરક્ષા દળોએ ગાઝા-ઇજિપ્ત સરહદનો ફિલાડેલ્ફી વિસ્તાર કબ્જે કર્યો.
- ✓ **અને** ચેસ ખેલાડી પ્રજ્ઞાનંદાએ નોર્વે ચેસ 2024 સ્પર્ધામાં વિશ્વના નંબર વન ખેલાડી કાર્લસનને હરાવ્યા...

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAIGN TODAY- NOON

લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ સમાપ્ત થશે. સાતમા તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે, પહેલી જૂને મતદાન થશે. આ તબક્કામાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13 -13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક લોકસભા બેઠક પર મતદાન થશે. જ્યારે કુલ 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આજે પ્રચારનો અંતિમ દિવસ હોઈ વિવિધ રાજકીય પક્ષો મતદારોને રિઝવવા છેલ્લી ઘડીના પ્રયાસો કરી કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પંજાબના હોશિયારપુરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. શ્રી મોદીએ ચૂંટણી સભાને સંબોધતા દાવો કર્યો કે કોઈ પણ ભેદભાવ વિના સૌને એનડીએ સરકારની યોજનાઓને લાભ મળ્યો છે. તેમણે વિપક્ષ ગઠબંધનની નીતિ સામે પણ પ્રહાર કર્યા હતા.

તો કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આજે હિમાચલ પ્રદેશના સોલાનમાં ચૂંટણી સભા સંબોધશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, કુશીનગર, રોબર્ટ્સગંજ અને ચંદોલી મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરશે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કુશીનગર અને સોનભદ્ર મત વિસ્તારોમાં રોડ શૉ કરશે. તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ મહારાજગંજ અને ઘોસી મત વિસ્તારમાં પ્રચાર કરશે.

## PM KANYAKUMARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસનો કન્યાકુમારીના પ્રવાસનો પ્રારંભ કરશે. શ્રી મોદી બપોરે ચાર વાગ્યાની આસપાસ ત્રિવેન્દ્રમથી કન્યાકુમારી પહોંચશે. તેઓ ભગવતી મંદિરમાં દર્શન કરશે અને ત્યારબાદ  એમ. એલ. વિવેકાનંદ જહાજમાં શ્રી સ્વામી વિવેકાનંદ સ્મારક પહોંચશે.

આ સ્મારકમાં શ્રી મોદી ત્રણ દિવસ સુધી ધ્યાન ધર્યા બાદ પહેલી જૂને તિરૂવલ્લુવરની પ્રતિમાના દર્શન કરશે. અને ત્યાંથી વિશેષ ફ્લાઈટ દ્વારા ત્રિવેન્દ્રમ્ પરત આવશે.

## REV. IMD-MONSOON

હવામાન વિભાગ અનુસાર દક્ષિણ પશ્ચિમી ચોમાસું આજે કેરળ પહોંચે તેવી શક્યતા છે. આ સાથે જ તે ઉત્તર પૂર્વીય ભાગોમાં આગળ વધી રહ્યું છે. ચોમાસું નિર્ધારિત સમય એટલે કે પહેલી જૂન કરતાં બે દિવસ વહેલું શરૂ થવાની શક્યતા છે. આકાશવાણી સાથેની વાચચીતમાં હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મોહાપાત્રાએ કહ્યું કે પશ્ચિમી વિક્ષોભને કારણે દક્ષિણ ભારતમાં કર્ણાટક, કેરળ, તમિલનાડુ, પુડુચેરીમાં આગામી બે ત્રણ દિવસમાં ચોમાસું શરૂ થઈ શકે છે. આ ઉપરાંત ઉત્તર

પૂર્વના  પર્વતીય વિસ્તારો, પશ્ચિમ બંગાળ તેમજ સિક્કીમમાં પણ ચોમાસું વહેલું શરૂ થવાના એંધાણ છે. દરમિયાન આજથી દેશના વિવિધ ભાગોમાં ગરમીથી રાહત થઈ શકે છે.

## KERALA

કેરળમાં ભારે વરસાદને પગલે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. હવામાન વિભાગે આજે તિરુવનંતપુરમ અને અર્નાકુલમ સહિતના સાત જિલ્લાઓમાં ઑરેન્જ અલર્ટ, જ્યારે અન્ય કેટલાક જિલ્લાઓમાં યલો અલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. તિરુવનંતપુરમ અને અર્નાકુલમમાં સૌથી વધારે અસર થઈ છે.

અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત શિબિર શરૂ કરાયા છે. પર્વતીય અને તટિય વિસ્તારો અલર્ટ પર છે. દરમિયાન 24 કલાકમાં ચોમાસુ કેરળ પર પહોંચી તેવી આગાહીને જોતા ભારે વરસાદ થવાની પણ શક્યતા છે. દક્ષિણમાં તટિય વિસ્તારો પર માછલી પકડવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

## MANIPUR RAIN

આ તરફ મણીપુરના વિવિધ જિલ્લાઓમાં નિચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. ચક્રવાત રેમલને કારણે અહીં છેલ્લા 48 કલાકમાં ભારે વરસાદ પડ્યો હતો.

રાજ્યની ઇમ્ફાલ, ઇરિલ, બરાક સહિતની મોટાભાગની નદીઓ જોખમી ભય સ્થાન વટાવી ચૂકી છે. વિવિધ સ્થળોએ નદીઓના પાણી ગ્રામીણ વિસ્તારોમાં પ્રવેશી જતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં વીજ કાપ અને મોબાઇલ સેવાને અસર થઈ હોવાના અહેવાલ છે.

સોમવારે થયેલા ભારે વરસાદને પગલે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 37 પર ભૂસ્ખલન થયું હતું, જેને કારણે પરિવહન સેવાને અસર પહોંચી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોએ સરકારી તેમજ સ્થાનિક સંસ્થાઓ દ્વારા શરૂ કરાયેલ રાહત શિબિરોમાં શરણ લેવી પડી છે. સેનાપતિ જિલ્લામાં ત્રણ શિબિર શરૂ કરાયા છે. દરમિયાન ઇમ્ફાલમાંથી લગભગ 7 લોકોને બચાવાયા હતા.

## J&K-HEATWAVE

જમ્મૂ કાશ્મીરમાં ગઈકાલે મહત્તમ તાપમાન 44.8 ડિગ્રી નોધાયું હતું. જે આ સિઝનના સરેરાશ તાપમાન કરતા 5થી 7 ડિગ્રી વધારે છે. જમ્મૂમાં 16 જૂન બાદથી તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર જઈ રહ્યો છે. કટરામાં પણ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોઁધાયું હતું. ગરમીને જોતા જિલ્લા પ્રશાસને માર્ગો પર પાણી છંટકાવ માટેના ટેન્કરોની વ્યવસ્થા કરી છે. જમ્મૂ શહેરના વિવિધ ભાગોમાં સંસ્થાઓ દ્વારા ઠંડા પીણા, લીંબૂ પાણીનું વિતરણ કરી રહી છે.

## J&K-PROHIBITIONS

જમ્મુ કાશ્મીરમાં ભારે ગરમીને કારણે બપોરે 12 થી 3 વાગ્યા દરમિયાન ભારે સામાન લઈ જતાં પશુઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જમ્મુના જિલ્લા મેજિસ્ટ્રેટે પશુઓ પ્રતિ ક્રૂરતા નિવારણ અધિનિયમ 1960 અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ 1965ની જોગવાઈઓ અનુસાર આ આદેશ જારી કર્યો છે. આ જોગવાઈઓ નિવારક પગલાં તરીકે વાર્ષિક ધોરણે લાગુ કરવામાં આવે છે. આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

## PREZ GOA STATEHOOD DAY

ગોવા રાજ્યનો સ્થાપના દિવસ આજે ઉજવાઇ રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ગોવાના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતાં સોશિયલ મીડિયાના માધ્યયમથી ગોવાના લોકો તેમના પ્રગતિશીલ મૂલ્યો અને આતિથ્ય માટે જાણીતા હોવાનું કહ્યું હતું. ગોવાએ અનેક માનવ વિકાસ સૂચકાંકોમાં નોંધપાત્ર પ્રગતિ કરી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

## VP-UTTARKHAND VISIT

**ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઉત્તરાખંડની એક દિવસીય મુલાકાતે છે. તેઓ નૈનિતાલ જિલ્લાના કૈંચી ધામમાં નિમ કરોલી**

મંદિરમાં પૂજા અર્ચના કરશે. બપોર બાદ શ્રી ધખનડ ઉધમસિંહ નગર જિલ્લાના પંતનગરમાં ગોવિંદ વલ્લભ પંત કૃષિ અને ટેક્નોલોજી વિશ્વવિદ્યાલય ખાતે આવેલા સંગ્રહાલયની મુલાકાત લેશે.

## HINDI JOURNALISM DAY

આજે હિન્દી પત્રકારિતા દિવસ  ઉજવાઇ રહ્યો છે. 30મી મે 1826ના રોજ પંડિત જુગલ કિશોર શુક્લ દ્વારા શરૂ કરાયેલ પ્રથમ હિન્દી સમાચારપત્ર "ઉદંત માર્તંડ" ના પ્રકાશન સાથે  તેની શરૂઆત  થઈ હતી.

હિન્દી પત્રકારત્વની  આ સફર સત્ય અને હિંમતથી જન કલ્યાણ હેતુ માટે કામ કરતા હિન્દી પત્રકારોના વિશેષ યોગદાનને સમર્પિત છે. ઉદંત માર્તંડનું હિન્દી પ્રકાશન ભારતીય પત્રકારત્વના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ હતું. તેનાથી પત્રકારત્વ વિશે જનજાગૃતિમાં વધારો થયો હતો અને નાગરિકોને સાચી માહિતી પૂરી પાડવામાં હિન્દી સમાચારપત્રોનું મહત્વ વધ્યું હતું.

## ISRAEL – GAZA

ઇઝરાયલના સંરક્ષણ દળોએ  ગાઝા-ઇજિપ્ત સરહદ પરના ફિલાડેલ્ફી તરીકે ઓળખાતા વિસ્તારનો કબજો તેના હસ્તક લીધો છે. ઇઝરાયલના સંરક્ષણ દળોના પ્રવક્તાએ આ માહિતી આપી હતી. 14 કિલોમીટર લાંબા આ વિસ્તારનો ઉપયોગ  હથિયારોની દાણચોરી  માટે

થતો હોવાનું માનવામાં આવે છે. સરહદ પર અનેક રોકેટ લોન્ચર પણ મળી આવ્યા હતા.

સંરક્ષણ દળોએ 20 ટનલ શોધી છે, જેનો ઉપયોગ સીમા પાર દાણચોરી માટે થતો હતો. આમાંથી, કેટલીક ઇઝરાયેલ આર્મી માટે જાણીતી હતી પરંતુ અન્ય પ્રથમ વખત શોધવામાં આવી હોવાનું પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું. તેમણે હમાસના આતંકવાદીઓએ ઇજિપ્તની સરહદની નજીક રોકેટ લોન્ચર મૂક્યા હોવાનું પણ જણાવ્યું હતું.

## UK PARLIAMENT

બ્રિટનમાં સામાન્ય ચૂંટણી યોજવા માટે ગઈકાલે મધ્યરાત્રિએ સંસદ ભંગ કરી દેવામાં આવી છે. આ સાથે દેશમાં આગામી 4 જુલાઈએ યોજાનારી સામાન્ય ચૂંટણી માટેની પાંચ સપ્તાહની ચૂંટણી પ્રક્રિયાની સત્તાવાર રીતે શરૂઆત થઈ ગઈ છે. ગઈ રાત્રે 12 વાગ્યે સંસદની તમામ 650 બેઠકો ખાલી કરાઇ હતી. ભારે વરસાદ વચ્ચે પ્રધાનમંત્રી ઋષિ સુનકની ચૂંટણીની જાહેરાતને પ્રચાર તરીકે જોવાઈ રહી છે.

## NORWAY CHESS

ચેસ ખેલાડી પ્રજ્ઞાનંદાએ ક્લાસિકલ ઇવેન્ટમાં પહેલીવાર નોર્વેના મેગ્નસ કાર્લસનને હરાવ્યા છે. 18 વર્ષીય ભારતીય ખેલાડીએ નોર્વે ચેસ સ્પર્ધાના ત્રીજા રાઉન્ડમાં વિશ્વના નંબર વન ખેલાડી કાર્લસનને પરાજય આપ્યો હતો.

પ્રજ્ઞાનંદાએ રમતની શરૂઆતમાં જ લીડ મેળવી હતી.. આ જીત સાથે તેઓ સ્પર્ધામાં 5.5 અંકો સાથે આગળ છે.

## CAA _ SECOND ROUND

કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળ, હરિયાણા અને ઉત્તરાખંડમાં નાગરિકતા સંશોધન કાયદા અંતર્ગત નાગરિકતા પ્રમાણપત્ર આપવાનું શરૂ કર્યું છે. ગૃહમઁત્રાલયે એક નિવેદનમા કંહ્યું છે કે ત્રણ રાજ્યોમાં અરજદારોને સંબંધીત રાજ્યોની માન્યતા પ્રાપ્ત સમિતિ દ્વારા નાગરિકતા આપવામાં આવી છે. જોકે કુલ કેટલા લોકોને નાગરિકતા અપાઈ છે, તેની સ્પષ્ટતા કરાઈ નથી.

આ પૂર્વે 15 મેના રોજ આ કાયદા અંતર્ગત પહેલીવાર 14 નાગરિકોનો નાગરિકતા અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે 11 માર્ચ, 2024ના રોજ નાગરિકતા સંશોધન કાયદો અમલી બનાવ્યો હતો. જે અનુસાર 31 ડીસેમ્બબર, 2024 પૂર્વે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનથી આવેલા બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે.